## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



લો સાહેબ, આર.સી.બુક, પીયુસી, લાયસન્સ અને પાછલ બેસાડી છે તેની સાથે લગ્ન કર્યાનું સર્ટીફિકેટ....!!



ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર દ્વારા એક રાષ્ટ્ર, એક સંવિધાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સેક્ટર-૧૭, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફિયા અને મેયર શ્રીમતી રીટાબેન પટેલે દીપ પ્રાગટ્ય કર્યુ હતુ જ્યારે મહેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ.

# સિવિલ કેન્ટીન પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરની સિવિલ કેન્ટીન પાસેથી વધુ એક બાઈકની ઉઠાંતરી થવા પામી છે. સિવિલ કેમ્પસ વાહનચોર માટે સોફ્ટ ટાર્ગેટ બની જવા પામ્યું છે. ત્યારે સિવિલમાં દર્દીના ખબર અંતર પુછવા આવેલા મુલાકાતીનું ગણતરીની મિનીટોમાં બાઈક ચોરાયું છે. બનાવ અંગે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સરગાસણ પમ્પીંગ સ્ટેશન ખાતે રહેતા અને અશ્વમેઘ કોમ્પ્લેક્ષ ખાતે ચાંમુડા ગેરેજ ચલાવતા બળદેવભાઈ મગનભાઈ પરમાર ગત તા.૩ સપ્ટેમ્બરના રોજ પોતાનુ હીરો હોન્ડા ડીલક્ષ મોડલ ૨૦૦૬નું બાઈક નં.જી.જે.૧૮.ક્યું-૩૨૯૦ લઈને સગાની ખબર અંતર પુછવા માટે સવારે ૮.૩૦ વાગે સિવિલ હોસ્પિટલમાં આવ્યા હતા અને કેન્ટીન પાસે બાઈક પાર્ક કર્યુ હતું. ત્યારબાદ પોણા કલાક બાદ બળદેવભાઈ પરત આવ્યા હતા અને જોયું તો પોતાની જગ્યા પર બાઈક ન હતું. ત્યારબાદ તેઓએ પોતાની રીતે બાઈકની શોધખોળ કરી હતી પરંતુ બાઈક મળી ન આવતા આખરે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૧૫,૦૦૦ના બાઈક ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે ભાજપની મહત્ત્વની બેઠક

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતા તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયાની ઉપસ્થિતિમાં ભાજપા સંગઠન પર્વ, બુથ સમિતિની સંરચના, સેવા સપ્તાહ તેમજ આગામી કાર્યક્રમોના સંદર્ભમાં આવતીકાલે તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ ''ઉત્તર ઝોન'' તેમજ તારીખ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ ''સૌરાષ્ટ્ર' ઝોન'ની બેઠક યોજાશે. રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીષ આવતીકાલે યોજાનાર ઉત્તર ઝોનની બેઠકમાં સવિશેષ ઉપસ્થિત રહેશે.

# સિરિયલ કિલરે ચોથી હત્યા કરી હોવાનો ભેદ ઉકેલાયો

### વિરાટનગરમાં રહેતા સોનાના વેપારીની હત્યા કરી હોવાનું ખૂલ્યુ : સિરિયલ કિલરે લૂંટનો માલ વિશાલને વેચ્યો હતો

ગાંધીનગર,તા. ૨૧

ગાંધીનગરમાં ત્રણ વ્યક્તિને માથામાં ગોળી મારી હત્યા કરી લૂંટ ચલાવનારો સિરિયલ કિલર આ મહિના બાદ તાજેતરમાં ગુજરાત એટીએસના હાથે ઝડપાયો છે ત્યારે તેન સઘન પૂછપરછમાં એક બાદ એક ચોંકાવનારા ખુલાસા થઇ રહ્યા છે. આ સમગ્ર કેસમાં સિરિયલ કિલર મદન ઉર્ફે મોનિશ માલીએ તેના જ પરિચિત અને સોનાના વેપારી એવા વિશાલ પટેલ નામના યુવકની હત્યા પણ કરી હતી. આ તેની ૪થી હત્યા હતી. સિરિયલ કિલર એવા મદન ઉર્ફે મોનિશ માલીએ અમદાવાદના કઠવાડા જીઆઇડીસી પાસે વિરાટનગરમાં રહેતા વિશાલ પટેલ નામના યુવકની હત્યા કરી હોવાનો ઘટસ્ફોટ થયો છે. માત્ર એટલું જ નહીં, સિરિયલ કિલરે જે ત્રણ વ્યક્તિની હત્યા કરી હતી અને તેમની પાસેથી જે લૂંટ ચલાવી હતી તેનો મુદ્દામાલ પણ તેણે આ મૃતક વિશાલ પટેલને જ વેચ્યો હતો. મદને હત્યા બાદ લાશને ગટરમાં ફેંકી દીધી હતી અને મૃતકની કારને પેટ્રોલ છાંટી સળગાવી દીધી હતી. સીઆઈડી ક્રાઈમની ટીમે હાલ મૃતકની લાશને ગટરમાંથી શોધવા તજવીજ શરૂ કરી છે. સિરિયલ કિલરને પકડવા માટે પાંચ રાજ્યની ૫૦ કરતાં વધારે ટીમો કામે લાગી હતી અને રૂ.પાંચ લાખનું ઈનામ પણ જાહેર કરાયું હતું. ગુજરાત એટીએસે સરખેજ વિસ્તારમાંથી શનિવારે મોડી રાતે ધોળકા રોડ પર આવેલા એક મકાનમાંથી મદન ઉર્ફે મુકેશ ઉર્ફે મોસિન ભવનલાલ નાયક(૩૬) નામના સિરિયલ કિલર ઝડપી લઇ ૧ પિસ્ટલ અને ૩૧ કારતૂસ કબજે કર્યા હતા. આ સિરિયલ કિલર ચોરી - લૂંટના ગુના આચરનાર હિસ્ટ્રિશીટર છે અને વિકૃત માનસિકતા ધરાવતા તેણે ફક્ત પૈસા માટે જ આ ત્રણ વ્યક્તિની હત્યા કરી હતી. કિલરે પોલીસ સમક્ષ એક જ મિનિટમાં ત્રણેય હત્યા કબૂલી લીધી હતી. ક્રાઈમ પેટ્રોલ જોઈને હત્યા કરવાનું અને યુ ટ્યૂબ પરથી બંદૂક ચલાવતા શીખ્યો હોવાની કબૂલાત તેણે કરી હતી. મદન મૂળ રાજસ્થાનનો વતની હતો. તેના પિતાએ બીજાં લગ્ન કરતા મદને ૧૯૯૫માં ઘર છોડી દીધું હતું. વર્ષો સુધી તે ગાંધીનગર શાકભાજી તેમજ ચોળાફળી વેચતો હતો. તેણે ૧૯૯૯માં સાઈકલ ચોરીથી ચોરીની શરૂઆત કરી હતી. મદને જુહાજી ઠાકોરની ત્રીજી હત્યા કરી ત્યારબાદ પોલીસે તેનો સ્કેચ જારી કર્યો હતો. જેથી મદન એલર્ટ થઈ ગયો હતો અને ત્રણ મહિના પહેલા પત્ની અને દીકરાને લઈને સરખેજ-ધોળકા રોડ ઉપર રહેવા જતો રહ્યો હતો. પોલીસે મદનનો સ્કેચ તેમજ સીસીટીવી જારી કરીને કેનાલની આસપાસ વોચ ગોઠવી દીધી હતી. જેથી પોલીસથી બચવા મદને મૂછ અને દાઢી વધારી દીધી હતી અને વાળ નાના કરી દીધા હતા.

# કોટેશ્વર ગામના ખેડુતની કરોડો રૂપિયાની જમીન પચાવી પાડવા માટે કારસો

### કોટેશ્વરના ખેડુતે ચાર શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર-અમદાવાદ ટ્વીન સીટી બનવા તરફ હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે ગાંધીનગર અમદાવાદને અડીને આવેલા ગામોની જમીનના ભાવ આસમાનને આંબે છે. જેથી ભુમાફિયાઓનો પણ રાફડો ફાટ્યો છે. કોટેશ્વર ગામના ખેડુતની આશરે છ વીઘા જમીન ખોટા કાગળો ઉભા કરીને પચાવી પાડવાનો કારસો ઘડાયો હતો. આ બનાવની જાણ ખેડુતને થતા તેણે અડાલજ પોલીસ મથકે ચાર શખ્સો સામે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ મથકથી મળતી માહિતી મુજબ કોટેશ્વરના ગામમાં પટેલ વાસમાં રહેતા પંચાયત ઓફિસની પાસે રહેતા કાંતિભાઈ મગનભાઈ પટેલ (ઉં.વ.૯૦) પોતાના પરિવાર સાથે રહે છે અને તેઓ નિવૃત જીવન ગુજારી રહ્યા છે. કોટેશ્વર ગામની સીમમાં તેમના નામે ૬ વીઘા જમીન આવેલી છે. આ જમીનમાં રેવન્યું રેકર્ડમાં મારા પુત્ર સુરેશ કાંતિલાલ પટેલ અને મારી બે દિકરીઓ ભારતીબેન કાંતિલાલ તેમજ ચેતનાબેન કાંતિલાલનું નામ દાખલ કરાવ્યું હતું. ગત તા.૨૨-૫-૧૯ ના રોજ પોસ્ટ દ્વારા ફરિયાદીના ઘરે કવર આવ્યું હતું જે રાત્રીના સમયે દિકરા સુરેશભાઈએ ખોલીને જોતા કાંતિભાઈએ ૬ વીઘા જમીન રૂ. ૪.૫૧ કરોડમાં વેચાણ આપવાનું નક્કી કર્યું છે. જેના બાના પેટે રૂ.૧૫ લાખ ચાર શખ્સોએ ચુકવ્યા હોવાની નોટીસ ગત મે માસમાં આવી હતી. વકીલની આવેલી નોટીસ કાંતિભાઈના દિકરાએ વાંચતા તેમની ગામની સીમમાં આવેલી ૬ વીઘા જમીનને વેચી હોવાથી તમે કરેલા બાનાખતની શરતોનું પાલન કરવા અંગે ઉલ્લેખ નોટીસમાં કર્યો હતો.

વકીલની નોટીસ આધારે જમીન માલિક વૃધ્ધે પોતાના દિકરાને સાથે રાખીને તપાસ કરી તો બાનાખતમાં જમીન માલિક વૃધ્ધની ખોટી સહી કરી હતી. ઉપરાંત બાનાખતમાં દર્શાવેલા જમીનના સર્વે નંબર જુના હતા. આથી જમીન માલિકની ખોટી સહી કરીને કરોડો રૂપીયાની જમીન પચાવી પાડવાનો ચાર શખ્સોએ કારસો કર્યો હોવાનું જમીન માલિકને ધ્યાને આવ્યું છે. જેથી બાનાખતમાં દર્શાવેલા ચાર શખ્સોના નામ આધારે જમીન માલિકે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ખેરપુરમાં રહેતા રાજુભાઈ ગાંડાભાઈ રબારી અને મોતીભાઈ ગાંડાભાઈ રબારી તેમજ સુનિલકુમાર બળદેવભાઈ રાવલ અને ડી.એ.ડાભી વિરુધ્ધ જમીનના માલિક કાંતિભાઈ પટેલે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેકટર એસ.કે. લાંગાના અધ્યક્ષસ્થાને યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લો રાજયનું પાટનગર છે. રાજયનું પાટનગર ગાંધીનગર તમામ રીતે આગળ રહેવું જોઇએ. જિલ્લાને તમામ ક્ષેત્રો આગળ રાખવા માટેની જવાબદારી આપણા સૌના માથે છે. જેથી જિલ્લાના તમામ અધિકારીઓને પોતાના વિભાગ સંલગ્ન કામોને પ્રાધાન્ય આપવું જોઈએ. આપના કામની કુશળતા કામથી જ દેખાય છે. જેથી જિલ્લામાં પ્રજાલક્ષી કાર્યને અગ્રિમતા આપવા જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ સંકલન અને ફરિયાદ સમિતીની બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું.

આ બેઠકમાં કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, દેશના ગૃહમંત્રી અને ગાંધીનગરના સાસંદ અમિતભાઈ શાહ નજીકના સમયમાં ગાંધીનગર જિલ્લાની મુલાકાત લેનાર છે. ત્યારે તેમની મુલાકાત દરમ્યાન આયુષ્યમાન ભારત યોજના, સ્મોક ફ્રી ગાંધીનગર જિલ્લો અને નલ સે જલ જેવી યોજનાઓ માટે દિશાની બેઠકમાં અપાયેલ સૂચનાનુસાર અને સુચારું કામ કરવા સર્વે સંબંધિત અધિકારીને ભારપૂર્વક જણાવ્યું હતું. કલેકટરે આ મુલાકાત દરમ્યાન દિવ્યાંગ સાધન-સહાય વિતરણ કરવાનો કાર્યક્રમ યોજવા માટે પણ જણાવ્યું હતું. આયુષ્યમાન ભારત અને નલ સે જલ અંગે થયેલ કામગીરીની વિસ્તૃત માહિતી પણ સંબંધિત અધિકારીઓ પાસેથી મેળવી હતી. સાસંદની સૂચના અનુસાર ગાંધીનગર જિલ્લામાં કોઈ પરા વિસ્તારનું ઘર વીજળી વિના ન રહે તે માટે પણ યુ.જી.વી.સી.એલ.ને સૂચના આપી હતી. તેમજ વનીકરણની થયાની કામગીરીની બારીકાઈથી વિગતો તૈયાર કરવા માટે નાયબ જિલ્લા વન સંરક્ષકને જણાવ્યું હતું.

જળશકિત અભિયાનમાં દેશમાં ૧૫માં ક્રમે અને રાજયમાં ત્રીજા ક્રમે રહેવા માટે જિલ્લાના તમામ અધિકારીઓને અભિનંદન આપી કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, આગામી ટુંક સમયમાં કુપોષણ મુક્ત ગાંધીનગર જિલ્લો, તીર્થયાત્રા, એસ.ઓ.એસ, જન સેવા કેન્દ્રો અને દિવ્યાંગ સાધન-સહાય કાર્યક્રમનો ટુંક સમયમાં ગાંધીનગર જિલ્લામાં આરંભ થશે, તેવું કહી આ કાર્યક્રમ આગામી ૨૫ થી ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ વચ્ચે યોજાશે. તે ઉપરાંત અધિકારીઓને સ્વચ્છતા હી સેવા, પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર શહેર બનાવવા માટેનું અભિયાન જન આંદોલન રૂપે ગાંધીનગર જિલ્લામાં શરૂ થાય તેવું આયોજન કરવા માટે પણ અધિકારીઓને સૂચના આપી હતી.

ગાંધીનગરના એ.આર.ટી.ઓ. અધિકારી ડી.એમ. પટેલે મોટર વાહન કાયદાની સામાન્ય જાણકારી આપતું પ્રેઝેન્ટેશન રજૂ કર્યુ હતું. જેમાં નવા આર.ટી.ઓ.ના નિયમો અને દંડ, એમ પરિવહન એપ અને ડીજીલોકરમાં કેમ પોતાના ડોક્યુમેન્ટ સુરક્ષિત રાખવા અંગેની સમજ આપી હતી.

આ બેઠકમાં ગાંધીનગરના ધારાસભ્યો તરફથી રજૂ થયેલા તમામ પ્રશ્નનો સુખદ ઉત્તર કલેકટરે આપ્યા હતા. તેમજ ધારાસભ્યોના પ્રશ્નને પ્રાધાન્ય આપવા પણ સર્વે અધિકારીને જણાવ્યું હતું.

# ગુજરાત અને ન્યુજર્સી વચ્ચે સિસ્ટર સ્ટેટ એગ્રિમેન્ટ થયા

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ન્યૂજર્સીના ગવર્નર શ્રીયુત ફિલીપ મૂર્ફીએ ન્યૂજર્સી – ગુજરાત વચ્ચે સિસ્ટર સ્ટેટ સંબંધો અંગેના એગ્રીમેન્ટ – એમઓયુ ગાંધીનગરમાં સંપન્ન કર્યા હતા. આ સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટ તહેત ગુજરાત અને ન્યૂજર્સી વચ્ચે આર્થિક વિકાસ, કલીન એનર્જી, હાયર એજ્યુકેશન, ટૂરિઝમ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન સહિત આરોગ્ય તેમજ વેપાર – રોકાણ ક્ષેત્રે પરસ્પર સહયોગની નવી દિશા ખૂલશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતની મૂલાકાતે આવેલા ન્યૂજર્સીના ગવર્નરને આવકારતાં એમ પણ કહ્યું કે ગુજરાતી સમૂદાયો ન્યૂજર્સીમાં ઘણા લાંબા સમયથી વસેલા છે. એટલું જ નહિ, ત્યાંની આર્થિક ગતિવિધિઓમાં પણ ગુજરાતીઓનું મહત્વપૂર્ણ પ્રદાન છે. આ સંદર્ભમાં આ રૈ ગુજરાત – ન્યૂજર્સીના લાંબાગાળાથી ચાલતા ઉષ્માપૂર્ણ સંબંધોને વધુ સુદ્રઢ બનાવશે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. આના પરિણામે ગુજરાતમાં ન્યૂજર્સી તરફથી વધુ રોકાણો આવશે તેવી અપેક્ષા શ્રી વિજયભાઇ રૂપાણીએ વ્યકત કરી હતી. ન્યૂજર્સીના ગવર્નર શ્રીયુત ફિલીપ મૂર્ફીએ મુખ્યમંત્રીશ્રીને ન્યૂજર્સીની મૂલાકાત લેવાનું આમંત્રણ પાઠવ્યું હતું. તેમણે ગુજરાતી સમૂદાયોના ન્યૂજર્સીના આર્થિક વિકાસમાં યોગદાનની પુષ્ટિ કરી હતી અને તેમના આ પ્રવાસ ડેલીગેશનમાં ગુજરાતી મૂળના વ્યકિતઓ પણ જોડાયા છે તેમ ઉમેર્યુ હતું. શ્રીયુત ફિલીપ મૂર્ફીએ ગુજરાતમાં ફાયનાન્સિયલ સર્વીસીસના આર્થિક ગતિવિધિના અતિ ઝડપે વિકસી રહેલા ક્ષેત્ર સહિત ફાર્માસ્યુટિકલ્સ, આઇ.ટી., રિયલ એસ્ટેટ અને વેપાર ક્ષેત્રે રોકાણો માટે સહભાગીતા અંગે ઊંડો રસ દાખવ્યો હતો. તેમણે ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રકચરના સંગીન માળખાને પરિણામે વેપાર, રોકાણોની સરળતાની સરાહના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ન્યૂજર્સીના ગવર્નરશ્રીએ ન્યૂજર્સી મૂલાકાત માટે આપેલા આમંત્રણનો સ્વીકાર કર્યો હતો. વિજયભાઇ રૂપાણીએ ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી પોલીસીઝ, ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ અને રાજ્ય સરકાર દ્વારા રોકાણકારોને અપાતી રાહતોની ભૂમિકા આપી હતી.

# આરોગ્ય કમિશનરે ગાંધીનગર સિવિલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૧

રાજયના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે એ શનિવારના રોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આરોગ્ય કમિશનરે ઓપીડી, પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર આરોગ્ય કમિશનર તરીકે તાજેતરમાં પદભાર સંભાળનાર જયપ્રકાશ શિવહરે આજે ગાંધીનગર સિવિલની મુલાકાત લીધી હતી.અહીં તેઓએ ડાયાલીસીસ, સર્જરી, ઓર્થોપેડીક વોર્ડ ની ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યું હતું.એટલું જ નહી સંબાંધિત અધિકારીઓને વિવિધ સુધારા-વધારા માટે જરુરી સુચના આપવામાં આવી હતી. આ પ્રસંગે



બિલ્ડીંગ, લેબોરેટરી, બ્લડબેંક, આઈસીયુ, ડાયાલીસીસ, સહિત વિવિધ વોર્ડની મુલાકાત લઈ ઝીણવટભર્યું નિરીક્ષણ કરીને ટોકન પધ્ધતિ અને ઓનલાઈન ડેટાની સિસ્ટમની સમિક્ષા કરી હતી. જયારે ઓપીડી અને નવી બિલ્ડીંગની મુલાકાત બાદ જવાબદાર અધિકારીઓને સુધારા વધારા માટે જરુરી સુચના આપી હતી. આ પ્રસંગે મેડીકલ કોલેજ અને હોસ્પિટલના અધિકારીઓ ખડેપગે હાજર રહ્યા હતા.

ખાસ કરીને ઓનલાઈન સિસ્ટમની સમિક્ષા કરી હતી. દરરોજ ઓપીડી, ઈન્ડોર દર્દીઓની સંખ્યા અને સરકારી વિવિધ યોજનાના લાભાર્થીઓ તેમજ માં કાર્ડના લાભાર્થીઓની ઓનલાઈન સમિક્ષા કરી હતી. આ ઉપરાતં તેઓએ ટોકન સિસ્ટમથી કેસ નીકાળ્યો હતો અને દવાબારીઓની પણ મુલાકાત લીધી હતી. ત્યારબાદ પિડીયાટ્રીક ઓપીડી અને ઓર્થોપેડીક ઓપીડીની મુલાકાત લઈને ૬૦૦ બેડની નવી બિલ્ડીંગમાં આઈસીયુ, જીએમઈઆરએસના સીઈઓ ડો.આર.દિક્ષીત,ડે.સીઈઓ ડો. બિપિન નાયક, મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિબેન લાખાણી, આરએમઓ. ડો.રાજેન્દ્ર ચૌહાણ, ડો.કલ્પેશ પરીખ, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિબેન પટેલ, એસઆઈ સહિત સિક્યુરીટી અને રાજદીપ એજન્સીના સુપરવાઈઝરો આરોગ્ય કમિશનરની મુલાકાત દરમિયાન ખડેપગે હાજર રહ્યા હતા.

# PM-JAYના સફળતાપૂર્વક એક વર્ષ નિમિત્તે 'આયુષ્યમાન ભારત દિવસ'ની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૧

કેન્દ્ર સરકારના આયુષ્યમાન ભારત અંતર્ગત ભારતની સૌથી મોટી આરોગ્યલક્ષી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- PM-JAYના સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ નિમિત્તે ૨૩ સપ્ટેમ્બર૨૦૧૯, સોમવારના રોજ ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના અધ્યક્ષસ્થાને 'આયુષ્યમાન ભારત દિવસ'ની ઉજવણી કરવામાં આવશે.

આ ઉજવણી સમારોહમાં નાયબ મુખ્યમંત્રીના હસ્તે કોમ્યુનીટી હેલ્થ ઓફિસરોને નિમણૂક પત્ર એનાયત, વિવિધ સંસ્થાઓનું સન્માન, સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતેના ટ્રોમા સેન્ટરના થીયેટરોનું ઇ-તકતીથી લોકાર્પણ, ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન અને તે અંતર્ગત 'સ્યુસાઇડ પ્રિવેન્શન'ની હેલ્પલાઈન અને લોગોનું અનાવરણ, સ્યુ સાઇડ પ્રિવેન્શન' હેલ્થલાઈન પુસ્તકનું વિમોચન, 'MY TECHO' નું લોકાર્પણ, લક્ષ્ય કાર્યક્રમ હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી બદલ પી.કે.જનરલ હોસ્પિટલ-રાજકોટ તેમજ બારડોલી હોસ્પિટલને એવોર્ડ,૧૦૮ એમ્બ્યુલન્સ અને ખિલ ખિલાટ વાનને લીલી ઝંડી આપીને પ્રસ્થાન પણ કરાવવામાં આવશે.

જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ ઓડીટોરીયમ, ગાંધીનગર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે યોજાનાર આ સમારોહમાં અતિથિવિશેષ તરીકે આરોગ્ય રાજ્યમંત્રી કિશોર કાનાણી (કુમાર), ગાંધીનગર-દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર-ઉત્તરના ધારાસભ્ય સી. જે. ચાવડા સહિત રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં આરોગ્ય સેવાઓ સાથે જોડાયેલા તબીબી મહાનુભાવો, સંસ્થાઓ અને આરોગ્ય કર્મીઓ ઉપસ્થિત રહેશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ગાંધીનગરમાં ૩-૫ જાન્યુઆરીએ પાટીદાર ગ્લોબલ સમિટ યોજાશે

### ૨૨ હજારથી વધારે બિઝનેસમેન સહિતના મહાનુભાવો હાજર રહેશે : સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ થશે

ગાંધીનગર, તા.૨૦

૨૦૧૮માં પાટીદાર ગ્લોબલ બિઝનેસ સમીટની સફળતા બાદ આ વખતે આગામી તા.૩થી ૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન ગાંધીનગરના હેલીપેડ ખાતે ગત વખત કરતાં સાત ગણી મોટી પાટીદાર ગ્લોબલ બિઝનેસ સમીટનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદ્‌ઘાટન સંભવતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવશે. જેમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના મહાનુભાવો પણ ખાસ હાજર રહેશે. આશરે એક લાખ ચો.મી જગ્યામાં ૧૪ વિશાળ ડોમમાં જુદા જુદા સેકટરના પ્રદર્શનને રજૂ કરવામાં આવશે. સાથે સાથે પાટીદાર ગ્લોબલ સમીટના ભવનનું ઉદ્‌ઘાટન તેમ જ સરદાર વલ્લભભાઈ પટેલની ૫૦ ફુટ ઉંચી પ્રતિમાનું અનાવરણ વડાપ્રધાન મોદીના હસ્તે તા.૩જી જાન્યુઆરીના રોજ કરવામાં આવશે.

આ સમીટને લઈ અત્યારસુધીમાં ૧૧ પ્રમોશનલ કાર્યક્રમો યોજાઈ ગયા છે અને સરદાર ધામ ખાતે તા.૨૨મી સપ્ટેમ્બરે રવિવારે સરદાર ધામ બિલ્ડીંગમાં જીપીબીએસ પ્રમોશનલ કાર્યક્રમ-૧૨ યોજવામાં આવશે. આજે અમદાવાદમાં સરદાર ધામ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતાં સરદાર ધામના પ્રમુખ ગગજી સુતરીયાએ જણાવ્યું હતું કે, સામાજિક સમરસતાના ભાગરૂપે તમામ સમાજને સાથે રાખીને આગામી તા.૩થી ૫મી જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન ગાંધીનગર હેલીપેડ ખાતે એક વિશાળ ગ્લોબલ સમીટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અંદાજીત ૧૦૫૦ જેટલા સ્ટોલ્સ ઉભા કરાશે. આ સમીટમાંસાત લાખથી વધુ મુલાકાતીઓ આ સમીટની મુલાકાત લેશે. બિઝનેસમેન અને ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા બી ટુ બીની પણ એક વ્યવસ્થા કરવામાં આવી છે. સમીટ દરમ્યાન પ્રોફેશનલ અને પ્રેકટીકલ નોલેજ ધરાવતાં નિષ્ણાત તજજ્ઞોનો સેમીનાર પણ રાખવામાં આવ્યો છે, જેમાં ઈન્ફોસીસીના નારાયણ મૂર્તિ સહિત ગુગલના સીઈઓ અને રતન ટાટાને પણ આમંત્રણ મોકલવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઉદ્દેશ નેટવર્કીંગ દ્વારા દેશ અને દુનિયાના ઔદ્યોગિક વેપારી મિત્રો પરસ્પર ઉપયોગી અને પોતાની પ્રોડકટ અથવા તો કંપનીનું બ્રાન્ડીંગ માર્કેટીંગ કરીને બિઝનેસ ધંધાનું વિસ્તરણ કરી શકે તેનો છે. જયારે નવા ઉદ્યોગ સાહસિકોને કેવી રીતે તૈયાર કરવા અને તેના માટે શું કરવું તેના માટે પ્રેકટીકલ અને પ્રોફેશનલ સ્પીકરો બોલાવવામાં આવ્યા છે. શૈક્ષણિક જાગૃતિ દ્વારા શિક્ષિત યુવાનોનો જે સ્લોટ તૈયાર થઈ રહ્યો છે, તેમને તાલીમ અને માર્ગદર્શન આપી કંપનીઓમાં તેઓને સન્માનપૂર્વક નોકરી-રોજગારી મળે તે હેતુથી પણ આયોજન કરાયું છે.

# ભાજપ દ્વારા ગાંધી સંકલ્પ યાત્રા રૂપે પદયાત્રા કરાશે

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો દિલ્હી ખાતેથી દેશભરના ભાજપ પ્રદેશ સંગઠન સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા સંવાદ

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભાજપા રાષ્ટ્રીય કાર્યાલય દિલ્હી ખાતેથી દેશભરનાં ભાજપા પ્રદેશ સંગઠન સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કર્યો હતો. આ વિડીયો કોન્ફરન્સમાં રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડાજી તેમજ રાષ્ટ્રીય મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર ખાતેથી ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, કેન્દ્રીય મંત્રીઓ પુરુષોતમ રૂપાલા, મનસુખ માંડવીયા તથા પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા સાથે પ્રદેશ હોદેદારો, મોરચાના પ્રદેશ અધ્યક્ષઓ તથા સાંસદઓએ ભાગ લીધો હતો. ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આજે ભાજપા કેન્દ્રીય કાર્યાલય દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા સમગ્ર દેશના ભાજપા સંગઠન તથા સાંસદઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. જેમાં આગામી કાર્યક્રમોની વિગતવાર રૂપરેખા આપવામાં આવી હતી. વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આગામી ૨ ઓક્ટોબરથી સમગ્ર દેશમાં ગાંધી જયંતિના ૧૫૦ વર્ષની ઉજવણી શરૂ થવા જઈ રહી છે ત્યારે, ગાંધીજીના વિચારો જનજન સુધી પહોચે અને સમાજજીવનમાં ગાંધીમુલ્યોનું સિંચન થાય તેવા હેતુથી ૨ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધીમાં ''મન મેં બાપુ''ના મંત્ર સાથે સમગ્ર દેશ અને ગુજરાતમાં સાંસદઓ તથા ભાજપા સંગઠન દ્વારા ''ગાંધી સંકલ્પ યાત્રા'' રૂપે ૧૫ દિવસની પદયાત્રા કરવામાં આવશે. આ પદયાત્રા દરમ્યાન પ્રભાતફેરી, જનચેતના સભાઓ, સામાજીક સમરસતા સભાઓ, ગ્રામવાર્તા વગેરે દ્વારા સ્વદેશ, સ્વરાજ, સ્વાવલંબન, ખાદી તથા સાદગી જેવા ગાંધી મુલ્યોની વાતો જનજન સુધી પહોચે તેવા પ્રયાસો કરવામાં આવશે.